ઉપદેશમાળા ભાગ ૧ લો.


આર્યસિંહને

અફીણુસિંહની વારતા.

ભાગ ૧ લો.

પ્રસિદ્ધ કર્તા

શાહ. લલ્લુ વલ્લભ મોઢેરાવાળા.







અમદાવાદ

"યુનિયન" મુદ્રાલયમાં મુદ્રિત કરાવી.

સંવત ૧૯૫૦. સને ૧૮૯૪.

કિંમત બે આના.

૫૮૫૯

આર્યસિંહ ને અફીણસિંહની વારતા

ભાગ ૧ લો.

॥ દોહરા ॥

અફીણસિંહ ને આર્યની, પૂર્વે થઇ લડાઈ;
તે દરશાવું તમ કને, ભાવે સુણજ્યો ભાઇ. ૧
આર્ય દેશનો અધિપતી, આર્ય સિંહ રાજન;
ચતુર તણો શિરોમણી, જાણો સરવે જન. ૨
દાતા કરણ સમો દિસે, અરજુન જેવો શૂર;
ગંભિરતાદિક સદગુણે, દીસે છે ભરપૂર. ૩
કામ સમો કાયે દિસે, રૂપ તણો ભંડાર;
જોતાં જન જગનાં ભણે, પ્રભૂ તણો અવતાર. ૪
સદ્બુદ્ધિ પરધાનને, રાખે નિત્યે પાસ;
વિવેક પુત્ર દિસે વડો, ગણે ન કોનો ત્રાસ. ૫
શૂરસિંહ સેનાપતી, લશ્કરનો અધિરાજ;
સૈન સકળનું શૂરસિંહ, જાણે સઘળું કાજ. ૬
સભા ભરે નિત્ય સ્નેહથી, આર્યસિંહ અધિરાજ;
સમજાવે સ્નેહે કરી, સહુને સહુના કાજ. ૭
ભાષણ ભાખે ભલાં ભલાં, સહુને આપે સૂખ;
રૈયત સહુ રાજી રહે, દિલ નવ કોને દુઃખ. ૮
સૈન તણા સામંત બધા, ખરા દિસે શુરવીર;
રણમાંથી પાછા કદી, હઠે ન ધારે ધીર. ૯
વિનય થકી વિદ્વાનને, આપે અધિકું માન;

કરી પરીક્ષા પ્રિતથી, દા'ડી આપે દાન. ૧૦
સૃષ્ટીમાં સઘળે રહ્યો. કિર્તિ કોટ ચણાઈ;
વાહ વાહ જન સહુ કહે, કસુર ન દિસે કાંઈ. ૧૧

ઊજડ નગરીનો અધિપતી, અક્કીણુસિંહ રાજન;
અરિ દીસે અક્કલ તણો, ગ્નાન જરા નહિં મન. ૧૨
પ્રધાન ધારિ કુબુદ્ધિને, ચલવે નિત્યે રાજ;
આળસ છે સેનાપતી, તેથી સરે ન કાજ. ૧૩
કુંવર કસુંબો છે વડો, બુદ્ધિ ન તેમાં લેશ;
અવળું નિત્યે આદરી, ખોયો સઘળો દેશ. ૧૪
અણુઘણુ અક્કિણુસિંહની, નિત્યે સભા ભરાય;
નાચે નિત્યે નાયકા, ભાંડ ભવાયા ગાય. ૧૫
કેફ કરે બહુ કોડથી, બને નિત્ય બેશુદ્ધ,
જોર જરા નવ અંગમાં, કરી શકે નહિં જુદ્ધ, ૧૬
સેનાપતિ સેના તણી, જાણે નહિ રચનાય;
ગોઠવતાં નવ આવડે, હાર હરામી ખાય. ૧૭
કેફ કરી ફરતા ફરે, શરિરે શક્તિ ન કાંઇ;
સૈન દુબળું એહનું, કરિ નવ શકે લડાઇ. ૧૮
ભાન નહીં નિજ દેહનું, લડવાની શી વાત;
દિવસ ઉગતો દેખીને, કે'શે પડિ આ રાત. ૧૯
આગ લગાડી તંબુને, શત્રુ નાશી જાય;
બેસીરે' બળતા સુધી, પણ ઉભા નવ થાય. ૨૦
એવા દીસે આળસુ, સૈન તણા સરદાર;
રૈયત નહીં રાજી રહે, દિલ દુખ સહે અપાર. ૨૧

ભમતો આવ્યો ભાટ ત્યાં, અક્કિણુસિંહને ગામ;
આવી મળ્યો અકીણુને, કીધો ત્યાંજ મુકામ. ૨૨

સમાચાર દીધા જઈ, અફ્રિણસિંહની પાસ;
આર્યસિંહ જે અવનિમાં, તેનો તમને ત્રાસ. ૨૩
છે તે મોટો રાજવી, ચતુર શિરોમણિ જાણ;
તેની સઘળા દેશના, લોકો માને આણ. ૨૪
માટે તે ઊપર તમે, ચડો આણીને શૂર;
જીતો જો હીંમત ધરી, તો જસછે ભરપૂર. ૨૫

ભૂજંગી છંદ.

સુણી વાણી તે ભાટની ધીર ધારી, મચાવા મહા જંગ કીધી સવારી;
સહુ સૂભટોને કહ્યું આવી પાસે, સજો શસ્ત્ર સૌ સુરવિરો ઉલાસે. ૨૬
જવું છે મહા યુદ્ધમાં આજ મારે, થવું સાબદા શૂરવિરો તમારે;
થશે આર્ય ને આપણે જંગ મોટો, નહીં રાખવો સૈનનો સાથ તોટો. ૨૭
થવું સાબદા સર્વને ધીર આણી, કરીશું અરીને જીતી ધુળધાણી;
મહારાજ આજ્ઞા ચડાવીછે માથે, ખુશીછે બધા આવવા આપ સાથે. ૨૮
તમે મનમાં લેશ ચીંતા ન રાખો, થતા સાબદા લાગશે માસ આખો;
નૃપાળે સુણી સુભટોની સુવાણી, સુણી વાણીને અંગમાં ધીર આણી. ૨૯
કહ્યું ભાટને આણી એંકાર મૂખે, જિતું તો ખરો નિપજ્યો માત કૂખે;
કરૂં સાબદી સ્વારિ મારી હું આજે, જીતી રાયને હું કરૂં દેશ પ્રાજે. ૩૦
વધારૂં હું ચોમેર સાબાશિ મારી, ન આવું કદાપી હું તેનાથિ હારી;
કર્યું શુભટે સાબદું સૈન શૂરૂં, ન જાણે લડાઈ તણું કામ પૂરૂં. ૩૧
લિધાં શસ્ત્ર સૈના તણાં તો સજાવી, બધા નીકળ્યા બાર ડંકો બજાવી;
સજયાં વસ્ત્ર સંગ્રામનાં સૈન આખે, કરીશું લડાઇ મુખે એમ ભાખે. ૩૨

॥ ચોપાઈ ત્રીતાળી ॥

થયું સાબદું સૈન તૈયાર, મુખે કરતું અતિશે હોકાર;
સજ્યાં અંગે સકળ હથિઆર, બાણુ બરછી અને તલવાર. ૩૩
લીધી કોઇએ ગદાને કટાર, બીજાં શસ્ત્ર તણો નહીં પાર;

સુશાળ ફૂરશી અનેરે કૃપાણ, લીધાં લેવાં અરીના પ્રાણ. ૩૪
રજ ઉડયાથી આભ છવાયો, સૂર્ય રજથી જરા ન દેખાયો;
પેર્યાં બખતર કવચને ટોપ, ચાલ્યું સૈન સકળ ધરી ચોંપ. ૩૫
કરે મા'રથી મોટા હોકાર, જાણે સિંહ તણા પડકાર;
જાણું પાતાળે પૃથ્વી જાશે, પ્રલેકાળ પલકમાંહી થાશે. ૩૬
બાર ભૂમીથી ન ઝીલાય, નાશી જાવાને આકુળી થાય;
એવું સૈન દીસે ભરપૂર, જાણું સાગરે આવ્યું પૂર. ૩૭
લીધા સાથે ચારણ ભાટ, કરતા આવે વાતોના ઠાઠ;
સરવે સૈન ચાલ્યું એણી રીતે, આવ્યું આર્યનગર પાસે પ્રીતે. ૪૮
કીધો જંગલ માંહી મુકામ, ગાઉ એક રહ્યું ત્યાંથી ગામ;
આર્યસિંહે જાણ્યું જે વાર, સૈન કરવા સકળ તૈયાર. ૩૯
ચોંપ આણી શુભટને બોલાવ્યા, પ્રીતે શુભટ પાસે આવ્યા;
આવી બોલ્યા શુભટ સહુ આમ, હોય તે ફરમાવોજી કામ. ૪૦
આજ્ઞા આપી રાયે તેણી વાર, સૈન સકળ કરોને તૈયાર;
રાય લડવા પ્રીતે એક આવ્યો, તેણે મામલો મોટો મચાવ્યો. ૪૧
માટે લશ્કર કરીને તૈયાર, લડવા નીકળવું ગામ બા'ર;
છેજી લશ્કર સરવે તૈયાર, આપો આજ્ઞા તો નીકળે બા'ર. ૪૨
આણી પ્રીત આપી આજ્ઞા રાયે, સૈન લડવાને સામું જાયે;
સજ્યાં સૈને સકળ હથીયાર, લડવા નીકળ્યું નગરની બા'ર. ૪૩
સૈન સામું આવ્યું જેણીવાર, અરીણુસિંહ થયો તૈયાર;
સૈન શુભટે ગોઠવ્યું આવી, સામા સામી લડાઈ મચાવી. ૪૪

॥ મનહર છંદ ॥

સામ સામાં સ્નેહે બંને સૈન લડવાને આવ્યાં;
ધસે એક એકપર ધારી ક્રોધ ઊરમાં. ૪૫
પોકાર પાડીને રણ સઘળું ગજાવી મુકયું;

ભાન ભૂલ્યા દેહનું લડાઈ તણા પૂરમાં. ૪૬

મારો મારો શબ્દનો પોકાર વાર વાર થાય;
શૂરવીરો સામ સામા લડે બહુ શૂરમાં. ૪૭

હઠે નહીં રણમાંથી હાડા રજપૂત જેમ;
ખોડી પગ ઉભા જાણે સાગરના પૂરમાં. ૪૮

કેક દઈ દોટ ઝાલે કોટ જઈ દુશ્મનની,
કરે લોટ પોટ ક્રોધે માર અતી મારીને. ૪૯

કરી ક્રોધ કેક તલવાર તણા ઘાવ કરે,
કેક મારે તીર દુશ્મનોને ધારી ધારીને; ૫૦

શીર ચગદાયાં શૂરવીરના ગદાના ઘાથી,
હાથ પગ કેક તણા નાખ્યા છે વિદારીને. ૫૧

એક બીજાને અપાર માર મારે ખાર ધરી,
પડે પંડ પર પણ જુવે ન વિચારીને. ૫૨

હોકાર કરી અપાર માર મારે દુસ્મન ને,
પાછા હઠવાની વાત જાણે નહીં ઉરમાં. ૫૩

શીર ધડ થકી છુટા પડે શુરવીર તણા,
ઝટ જાય જમ સાથે ધણીની હજૂરમાં. ૫૪

વેદના અસહ્ય સહે ઘાયલ થયેલ જન,
તોય નાશી જાય નહીં રણ થકી પૂરમાં. ૫૫

એવા શુરવીર ધીર ધારી રણ માંહી રહે,
વખાણ અપાર થાય સાગરના પૂરમાં. ૫૬

સામ સામા આવી સ્વાર લડવાને ઉભા રહે,
અસી લઇ શુરવીર શત્રુને વિદારે છે. ૫૭

મારે છે તોખાર આણી ખાર એક એક તણા,
મરવું અવશ્ય એમ અંતરે ઉતારે છે. ૫૮

પાડે પડકાર શુરવીર ધીર ધારી રહે,
જીતવું જરૂર એમ ધ્યાન માંહી ધારે છે. ૫૯
કરે છે લડાઈ ધાઇ ધાઈ વીર સામ સામા,
દયા તજી દીલથી અપાર માર મારે છે. ૬૦
વાજા વધુ જોર માંહી સામ સામાં વાગે ત્યાંહી,
સુણી શુરવીરને લડાઇ બહુ ફાવે છે. ૬૧
ભેરીને નફેરીના અવાજતો અપાર થાય,
ઢોલને દદામાં શુર શરીરે ચડાવે છે. ૬૨
શુરવીર સુણી સ્નેહ ધારી રણ માંહી જાય,
ઘડી ન રે'વાય ઘેર એવું શુર આવે છે. ૬૩
શુભટો સેનાપતીને સ્નેહથી સાબાસી આપે,
નાશી જાય તેને આપી ઠપકો લજાવે છે. ૬૪

॥ દોહરા ॥

એ રીતે હરનિશ લડે, સામે સામા રાય;
હઠે ન હીંમત હારી કો, જિત કોની નવ થાય. ૬૫
બહુ દિન એમ વહ્યા ગયા, મનમાં સહુ મુંઝાય;
બંધ પડે વઢવાડતો, સારૂં સઘળું થાય. ૬૬
અફિણસિંહ આવ્યો પ્રિતે, કુંવર કસુંબા ગાસ;
બોલ્યો લાગે મૂજને, આર્યસિંહનો ત્રાસ. ૬૭
મુંવા શુરા સામંત બધા, હાર થશે નિરધાર;
મરવું અપજસ વો'રતાં, એ ઉત્તમ આચાર. ૬૮
હાર્યે લાજ જશે જગે, અપજસ મળે અપાર;
શો ઉપાય કરવો હવે, જીત મળે આ વાર. ૬૯
વચન સુણી પીતા તણું, વદે કુંવર મુખ વાણ;
ચડું રણમાં હું સ્નેહથી, અરિના લેવા પ્રાણ. ૭૦

સામતને સમજાવીને, કરવું દળ તૈયાર;
પડું પ્રીતે પોકારતાં, દુશ્મન દળ મોઝાર. ૭૧
તાત ફીકર નવ રાખશો, રહો ખુશી આવાર;
જીતી જશ હું લઉ જગે, ક્ષણું ન લાગે વાર. ૭૨
હીંમત આપી તાતને, વેગે કર્યો વિદાય;
સૈન સકળ સજ થાય તે, માટે કરી આમ્નાય. ૭૩
બીજે દીન ઉઠી થયું, સૈન સકળ તૈયાર;
ચાલ્યો લડવા ચોંપથી, જરા ન લાગી વાર. ૭૪

॥ ચોપાઈ ત્રીતાળી ॥

ચાલ્યો લડવા કસુંબો કુમાર, સજી લીધા સકળ હથિઆર;
બાણુ બરછી અને તલવાર, તોમર ત્રીશૂળ સાથ કટાર. ૭૫
ખાંતે ખડ્ગ ધર્યું નિજ હાથે, ચાલ્યો લડવા શત્રુ દળ સાથે;
પેર્યાં બખતર કવચ ને ટોપ, ચાલ્યો ઉરમાં ધરી બહુ ચોંપ. ૭૬
આવ્યો આર્ય લશ્કરની માંય, સેના સજ થઇ ઊભીછે જ્યાંય;
વાગે સરણાઇ ઢોલ ને ફેરી, ગડેડે દદામાને નફેરી. ૭૭
લડ્યાં સામ સામા સૈન જ્યારે, સરિતાશોણિતની વહી ત્યારે;
ગજ ઊંટ અનેરે તોખાર, તણાણા સરીતામાં તે વાર. ૭૮
કૈક શૂર ચીસો પાડી રડતા, શસ્ત્ર ઘા થકી પૃથ્વીમાં પડતા;
વેદના સહે તેહ અપાર, કરે મૂખે અતીશે પોકાર. ૭૯
છાંડચા કઈકના લડતાં પ્રાણુ, ચાલ્યા સ્વર્ગે કરી પરીયાણુ,
મચી એવી ત્યાં મોટી લડાઇ, ન રહ્યો સ્વર્ગમાં મારગ કયાંઇ. ૮૦
રજ ઊડચાથી આભ છવાયો, સુર્યદેવ જરા ન જણાયો;
આર્યસિંહ હાર્યોછે તે વાર, જીત્યો કોડે કસુંબો કુમાર. ૮૧
કસુંબે કીધી જીત જે વાર, સકળ સૈને પાડયો પડકાર;
જીતી અફીણુસિંહે સૈનાય, નગારાના ત્યાં ડંકા દેવાય. ૮૨

વહેંચી સાકર લશ્કર માંય, ઉર માહી ઉમંગ ન માય;
દીપ ઉત્સવ કીધો તે વાર, વરત્યો સૈનમાં જયજયકાર. ૮૩
આર્યસિંહને કેદ ત્યાં કીધો, બંધીવાન કરી સાથે લીધો;
ભૂલ્યો ભાન શરિરનું તે વાર, આર્યસિંહ થયો તાબેદાર. ૮૪
કહે કસુંબો જેટલું પ્રીતે, આર્યસિંહ કરે બધુ નીત્યે;
આજ્ઞા નિત્ય કસુંબો જે આપે, સ્થીર કરી નિજ મનમાં સ્થાપે ૮૫
આર્યસિંહ અતી અકળાય, કસુંબા વિણુ સુખ નવ થાય;
પ્રીતે રાખે કસુંબાને પાસે, જાણે નહીં જડમુળ મુંજ જાશે. ૮૬
કરે દાયરા નિત્યે પ્રીતે, વિચારે ન જરા નિજ ચિત્તે;
કેશરીયો કસુંબો ઘોલાય, ઘોબા સામ સામા ત્યાં દેવાય. ૮૭
મારા તમારા સમ ત્યાં ખવાય, અદકું અમલ હમેશ પવાય;
રાવણું હુંગાના નિત્ય થાય, નાણા કાંકરા સમ વપરાય. ૮૮
ભાટ ચારણ આવીને ભાવે, આર્યસિંહને અધિક ફુલાવે;
ભાટ ખોટા વખાણ જ્યાં કરે, આર્યસિંહ ફુલી નિત્ય મરે. ૮૯
સેનમાં ઘોડું છોડીને આપે, કુળનો ભાટ કરીને સ્થાપે;
એમ ખરચે નાણાં આડી વાટ, એનો અંતર જરી ન ઉચાટ. ૯૦

॥ દોહરા ॥

ઉચાટ અંગે એહનો, જરા ધરે નવ જાણ;
લેખામાં લક્ષ્મી નહીં, નાણા જાણે પાણ. ૯૧
તોલ કરે ન મનુષ્યનો, આર્યસિંહ મન માંય;
ફુલણજી થઇને ફરે, કરે વિચાર ન કાંય. ૯૨
સ્નેહે શિખ સારી કદી, આપે જન કો વાર;
કોપ કરે તેના પરે, એવો બન્યો ગમાર. ૯૩
સમજે શું એવું કહે, જે શિખ દેવા જાય;
રજપૂતોને અમલ વિણ, પળ પણ ખાલી ન જાય. ૯૪

રણુ મધ્યે રજપૂતથી, અફીણુ વિણુ ન ચડાય;
અફિણુ વિણુ રજપૂતથી, પ્રાક્રમ જરી ન થાય. ૯૫
એવું સમજાવે સદા, શિખ દેવા જે જાય;
સમજે નહિં સ્નેહે કદી, આર્ય નગરનો રાય. ૯૬
દશા પડે પડતી પછી, સુઝે ન સવળું કાજ;
અમલ થકી આર્યે બધું, તજ્યું તાતનું રાજ. ૯૭
અમલ વિષે અવગુણુ અધિક, જાણેછે સહુ જંન;
પણુ ન વિચારે પેટમાં, આર્યસિંહ રાજંન. ૯૮
હારી અરીણુસીંહથી, ખાંતે થયો ખુવાર;
પણુ ન તજ્યું આર્યે અમલ, મનમાં કરી વિચાર. ૯૯
અમલ થકી આર્યો ખમે, ખાંતે જે નુકશાન;
મશ્કરી મહીમાં થાય તે, કહું ધરજ્યો જન કાન. ૧૦૦

॥ ચોપાયા ॥

અમલ આર્ય સિંહ લિયે પ્રતેથી, દિલ દિલગિર નવ થાય;
બને નિત્ય બેભાન અતીશય, પણુ ન વિચારે કાંય. ૧૦૧
એક દિવસ દિન પો'ર ચડયો ત્યાં, ઉઠયો આણી પ્રીત;
લઘુશંકા કરવાને બેઠો, વિચાર કરતો ચીત. ૧૦૨
બેઠો બેઠો બહુ વિચારે, ત્યાં પટ પડયું માથેથી;
ગમાર બની ચિતમાં ગભરાયો, શિર કુટે હાથેથી. ૧૦૩
બાળકને બહુ બૂમો પાડી, પોતા પાસ બોલાવ્યાં;
સ્નેહ ધરીને છોરૂ સરવે, પિતાની પાસે આવ્યાં. ૧૦૪
બાળ કહે બાપા કયમ આજે, બૂમ અતીશય પાડો;
બાપ કહે બેટા આ કૌતક, દીઠું આજે દહાડો. ૧૦૫
પ્રાતઃકાળ વિષે આ બાળક, બગલું કોણે માર્યું;
બાળક બહુ બહુ હસી પડીને, તાતનિ પાસ ઉચાર્યું. ૧૦૬

નથિ બગલું માર્યું બાપા આ, પાખડું છેજ તમારૂં;
અંધ ગંધ ભૂલ્યા કયમ આજે, ભાન ગુમાવી સારૂં. ૧૦૭
પસ્તાયો પછી મનમાં પોતે, થયો અતિ ઉતપાત;
બાળકને કરગરિ કહ્યું પ્રીતે, કરશો નહિં કયાંઈ વાત. ૧૦૮
અમલ લઈ બેભાન બન્યો ત્યાં, બાબર આવ્યો એક;
હોકો હોંશે ભરિ આપીને, બેઠો ધરી વિવેક. ૧૦૯
આર્યસિંહને અમલ ચડયું પછિ, નહિં નિજ તનનું ભાન;
પકડયો પ્રીત ધરીને પોતે, ત્યાં બાબરનો કાન. ૧૧૦
ખણુવા મંડયો ખંત ધરીને, બાબરનો ત્યાં વાંસો;
બાબર બોલ્યો બહુ હશીને, નાંખી અતિ નિસાસો. ૧૧૧
શું કરવા માંડયું આ બાપૂ, બાબર એવું બોલ્યો;
આર્યસિંહે અતિ હર્ષિત થઇને, મનનો મર્મજ ખોલ્યો. ૧૧૨
ખણુ આવેછે વાંસે મારે, તેથી ખણુંછું હુંય;
તેમાં શી પંચાત પડી તે, વચમાં બોલ્યો તુંય. ૧૧૩
બાબર બોલ્યો મારો વાંસો, સઘળો ધરડી નાંખ્યો;
ઉજરડા મુજ અંગ થયા છે, બળેછે વાંસો આખો. ૧૧૪
આર્ય કહે મુજને નો'તી ગમ, આ વાંસો છે તારો;
મારા મનમાં એમ થયું જે, આ વાંસો છે મારો. ૧૧૫
અમલ થકી મારા તારાની, ખબર ન પડી જરાય;
એવી રીતે અમલ થકી, હાંસી જનમાં અતિ થાય. ૧૧૬

॥ દોહરો ॥

હાંસી અનેક રીતથી, હરનિશ જનમાં થાય;
તોપણુ રાજી રે' સદા, દિલ નવ દિલગિર થાય. ૧૧૭

॥ ઝુલણા છંદ ॥

અમલ પ્રાશન પ્રિતે આર્ય નિત્યે કરે, રાખી મન માંહીં એંધાણુ મોટું;

છાંયડો છાપરાનો પડે શેરિમાં, છાપરૂં છેક દીસેજ છોટું. ૧૧૮
ઓરડા આગળે ખાડ દીસે ભલી, પ્રીતથી એજ એંધાણુ રાખ્યું;
અમલ ખાવા તણી થાય જ્યારે વખત, ભાનું ખાડે ગયું એમ ભાખ્યું. ૧૧૯
એહિ પેઠે લઇ અમલ ઊંધી રહે, છોકરાંને પુછે સ્નેહ આણી;
ભાનું ખાડે ગયું કે હજી ખામણે, એવિ રીતે કહે રાગ તાણી. ૧૨૦
છોકરાં તો પછી સમજીયાં મન વિષે, અમલની વખત તો થાય જ્યારે;
ભાનું ખાડે ગયું એમ મૂખે ભણે, ભા અમલ સાંભળી ખાય ત્યારે. ૧૨૧
વરસ વિત્યા પછી ટેવ એવી પડી, અમલ ખાવા તણી અંગ એને;
સ્વાર ઘોડાપરે થાય પ્રાશન કરી, અમલ આવે પછી અંગ એને. ૧૨૨
જો કદી વાજિ પર નવ ચડે રાજી થઈ, તો અમલ તેહને અંગ નાવે;
ચેન શરિરે જરા નવ પડે એહને, ખંતથી ખાણું તેને ન ભાવે. ૧૨૩
વરસ વિત્યા પછી વાજી રાજી થઇ, અમલ વેચાતું લઇ વેચિ દીધો;
અમલ ચડશે નહીં વાજિવિણુ અંગમાં, પુરણુ વિચારતેનો ન કીધો. ૧૨૪
લીધું જ્યારે અમલ પ્રીત ધારી મુખે, વાજિ ચડવા થયો રાજિ રાજી;
વાજિ વેચી લિધું અમલ રાજી થઇ, ક્યાંથિ લાવે થવા રાજી વાજી. ૧૨૫
અંગલ અકળાય જિવ જાય વાજી વિના, શિથિલ થઇ સાબદો શોર કીધો;
ભાળી વડી વાજિ પેઠે ગણી, તે પરે ત્યાં થયો સ્વાર સીધો. ૧૨૬
હાંકવા મૂખથી શબ્દ હેં હેં કરે, પગ પછાડે અતી પ્યાર આણી;
શરિરમાં સર્વ સ્થળ બેશિ કાંટા ગયા, પણુ નહીં દરદની વાત જાણી. ૧૨૭
અમલ જ્યારે ગયું અંગથી ઉતરી, દરદ કાંટાનું થયું દીલ ત્યારે;
ધાર શ્રોણીત તણી અંગ જ્યારે વહી, શુદ્ધિ આવી શરીરેજ ત્યારે. ૧૨૮
ખંતથી રાજ ખોયું અફિણુ ખાઇને, દામ ન રહ્યો પછી એક જ્યારે;
વેચિ ઘરબાર જ્યારે જરા નવ રહ્યું, મરણુ પામ્યો મહા દુષ્ટ ત્યારે. ૧૨૯

॥ ઈંદ્રવિજય છંદ ॥

રાજ ગુમાવ્યું તથાપિ ન સાન ભુલ્યા તન ભાન અફીણથિ આજે;

અશ્વ ગયા સુખ સાજ ગયા ગજરાજ ગયાજ અફીણજ કાજે. ૧૩૦
માન ગયું ધન ધાન ગયું અપમાન થયું હજી કેફ ન છાંડે,
રાજ તણા પુતતો મટિ જૈ ધર્યું નામ હવે રજપુત કુભાંડે. ૧૧
આબરૂ ઓછી થઇ અવની મહિં કેફ કિરિટ ધર્યો શિર આજે,
બારિ ઉપાડવિ પ્યારિ ગણી ભુમિતો પડિ મેલી અફીણજ કાજે. ૧૩૨
કેફ કરી કૃત્ય ખુબ ખરાબ કિધાં તદપિ તનમાં નવ લાજે,
મૂછ ધરી મુખ ઉપર તે પ્રભુ ભુલ દિસે તમને પુછ છાજે. ૧૩૩
આપિ શિખામણ થાકિ ગયા જન માનિ નહીં શિખતો હિતકારી.
ધારિ અફીણનિ યારિ નઠારિ ન છાંડિ થઇ તન માંહિ બિમારી. ૧૩૪
નાશિ ગયું શુર આળશ આવ્યું ગુમાવ્યું સુ રાજ તજી સ્થિતિ સારી,
લાજ નથિ જરિ આજ કુકાજનિ સ્યાનત છે તમને જણનારિ. ૧૩૫

॥ દોહરા ॥

અફીણ અતિશય ખાઇને, દેવું કરે અપાર;
માંડી આપે મહિ બધી, ખાંતે થાય ખુવાર. ૧૩૬
ચડે વ્યાજ માથે અતિ, ડુબે દેવા માંય;
રાજ ખોઈ રખડે સદા, પણ ન વિચારે કાંય. ૧૩૭
વેપારી વરસો વરસ, લેણું લેવા જાય;
માલ બધો માંડી લિયે, રે'વા નવ દે કાંય. ૧૩૮
ખાવા ખોરી બાજરી, કાં રાખેછે જાર;
દોવા રાખે ડોબડી, પણ નવ કરે વિચાર. ૧૩૯
સુખ એમાં માને અતિ, જમે રોટલા દુધ;
ફિકર નહીં દેવા તણી, જેને ન મળે સુધ. ૧૪૦
ખંડે વેપારી બહુ, પણ દિલગિર નવ થાય;
ઓછું ન કરે અમલને, ધુળધાણી મર થાય. ૧૪૧
વળિ વેપારીની કને, નાણું લેવા જાય;

કંગાળી સમ કરગરી, સેવક તેના થાય. १४२
વેપારી કે' આવજો, આજ નહીં ને કાલ;
વળિ કાલા વાલા કરે, જેમ કરે કંગાલ. १४३
એક ટકાની આબરૂ, ન મળે તેની ત્યાંય;
તોપણ નકટાની પઠે, ધક્કા ખાવા જાય. १४४
વેપારી ત્યારે પછી, દયા ધરે દિલ માંય;
અમણું નાણું માંડીને, આપે તેને ત્યાંય. १४५
વળિ વેપારી ને વદે, લાજ રાખો મમશેઠ;
જે કે'શો તેતો કબુલ, કરશું તમારી વેઠ. १४६
વાધે વ્યાજ અતિ શિરે, દેતું નવ દેવાય;
મંડાવા ત્યારે મહી, વેપારી ત્યાં જાય. १४७
વિચાર નવ નિજ ઊરમાં, તેને શી ચીંતાય;
છોને રામ ચડ્યા કરે, રામ ચડે શું થાય. १४८
અરે અફીણી મૂરખા, વિચારો મન માંય;
રામ ચડયે ઉંધું વળે, પાસે નવ રે' કાંય. १४९
એક રામ લંકા પરે, ચડયો આણિઊર ક્રોધ;
લીધી લંકા પલકમાં, માર્યો રાવણ જોધ. १५०
જ્યારે તમ ઉપર ચડે, અધિક એકથી રામ;
શી ગણુતીમાં રામની, આગળ તમારૂં ગામ. १५१
સુખિ થશો તજતાં અફિણ, જશે નાશિ સહુ દુઃખ;
માટે માની માહ્યરૂં, અફિણ તજી લ્યો સુખ. १५२
સજો તમે સારી મતી, તજો અફિણનો સંગ;
ભજો તમે સતિ ભારતિ, તો રે'શે તમ રંગ. १५३
સેવો સૂરિ રાજેંદ્રને, સોહમ ગણુપતિ છાપ;
લલ્લુ લાયક લેખીને, ટાળે ત્રીભુવંન તાપ. १५४

હવે બીજો ભાગ વાંચો.

સ્ત્રીઓને ઉપયોગી બાર માસ.

કારતક માસે ખૂબી કીરતારની, શાંણી અંતરમાં ઉતાર મારી બેની,
ઉત્પતી સ્થીતી અને લય પામે, જેની ઇચ્છાથી સંસાર મારી બેની;
એ અવીનાશીયે અક્કલ આપી, તરવા આ સંસાર મારી બેની,
તો શાને ભૂલી ભટકતી આ ભવમાં, એળે ખૂવે અવતાર મારી બેની. ૧
માગશરે આજ્ઞાછે મહા પીતાની, વિદ્યા ભણી થા વિદ્વાન મારી બેની,
તજજે નઠારીછે ટેવ તુજ તનમાં. મનમાં ખોટું ન ધર માન મારી બેની;
મનુષ્યજાતીનું ભલું કરવાને, સરજાવીછે આ સંસાર મારી બેની,
શાને ભૂલે ભુંડી આળસુ થઇને, ધર્મ તારો ચિત્ત ધાર મારી બેની, ૨
પોષ માસે પરવશ કાં અજ્ઞાને, બેડીમાં ગઇશું બંધાઇ મારી બેની,
જ્ઞાન ગતી ગ્રહી તોડજે બંધન, વિદ્યાને વા'લથી સાહી મારી બેની;
પોતા જેવી બીજીને દેખી દુખમાં, અંતર કરજે વિચાર મારી બેની,
શાને ચુકે ચતુરા થઈ ચીત્તમાં, ચતુરાઇનો દે ચીતાર મારી બેની. ૩
મહા માસે માનુની તુજ મનમાં, દેશ સ્થિતિ જો વીચાર મારી બેની,
તુંથી થતી પ્રજા કેવી દુખીછે, છે ન જો તુજ સુવિચાર મારી બેની;
વૃક્ષને વિદ્યા વારી નથી પાયું, ફ્લ તેના નબળા નિરધાર મારી બેની,
તારે અજ્ઞાનેથી અર્ભકો તારા, ખાસાં બનેછે ખૂવાર મારી બેની. ૪
ફાગણ માંહી ફોગટ કાં ગુમાવે, હાંસલ કરીયું હરામ મારી બેની,
વિંટાઈ રહી સાને વેવલી વાતે, લેશ કર્યું નહીં કામ મારી બેની;
નીતીવાળી તેં પ્રજા નથી કીધી, દેશની દીલમાં ન દાઝ મારી બેની,
દેશ તણું ભર દરિયામાં ડોલે, તારા અજ્ઞાનથી ઝાઝ મારી બેની. ૫
ચૈતરમાં ચતુરાં થઇ શાને ચૂકે, ચતુરાઇનો દે ચિતાર મારી બેની,
અર્ભક અંતરમાં તું સમાગમે, પ્રગટે સદા સુવિચાર મારી બેની;
દેશના દાઝ જાગે એના દિલમાં, શિખે વિદ્યાથી વિવેક મારી બેની,
વે'મી બની બાળકો આયડેના, તનની ગુમાવીને ટેક મારી બેની ૬

વૈશાકે વા'લ વપૂમાં ધરીને, સદ્દગુણ ચિત્તમાં ઉતાર મારી બેની,
જેમ બને ઝટ બાળ વિવેકી, તોછડાં નહીં તલભાર મારી બેની;
બાળ બુધી હીણુથી બાળા તુજને, આખર છે અપમાન મારી બેની,
ડાહપણ તારૂં તેના દીલમાં ધર, ગૌરી તજીને ગુમાન મારી બેની.૭
જેઠે સદા જશ લે તું જગતમાં, સિદ્ધ કરી શુભ કામ મારી બેની,
દુષ્ટતાથી દુર રહેજે ડરીને, તજજે તું તોર તમામ મારી બેની;
સતસંગનો રંગ અંગ લગાડી, માડી તું બન મસ્તાન મારી બેની,
લાભ રૂડો દે બીજી લલનાને, મહીમાં તું મેળવ માન મારી બેની. ૮
અષાડે આઘી જાજે અનીતીથી, નીતી પીયુશ કર પાન મારી બેની,
કાંટો અનીતીનો કાઢ કળેથી, ભારતીથી લેઇ ભાન મારી બેની;
નાણાછે નીચ નીતી રીતી ઉંચી, સમજજે આ સંસાર મારી બેની,
નીતી વીના ધર્મ રીતીછે ઢોંગી, સમજ શાણી વાર વાર મારી બેની.૯
શ્રાવણમાં સૃષ્ટીપતી સોધવાને, ભૂલીને કાં ભટકાય મારી બેની,
સ્વામીરૂપી સેતૂ છે તે જગ્યાનો, કાં અરણે અથડાય મારી બેની;
સંપ સાહી સ્વામી સાથે નીતીથી, રે'તો પ્રભૂ નથી દુર મારી બેની,
ગંગા ગઇ દુર ગુણુના તજ્યાતો, જોખમ જગમાં જરૂર મારી બેની.૧૦
ભાદરવે ભવ્ય ભરત ભૂમીમાં, ભામની ભણતર હીણુ મારી બેની,
એથી પ્રજામાં અજ્ઞાન અધિક છે, દેશ દુખી પ્રતી દીન મારી બેની;
પર તંત્ર પરદેશી હાથે બન્યો તે, ચૂક તમારી સદાય મારી બેની,
થડ મજબૂતથી વૃક્ષ ડગેના, છો વાયરો વધૂ વાય મારી બેની. ૧૧
આશો માસે આર્યોદય થવા આપું; શીખ શાણી ધરો ધ્યાન મારી બેની,
સંપ સાહી નીતી રીતીથી ચાલો, ગુણીયલ થઇ અહો જ્ઞાન મારી બેની;
દેશની દાઝ ડાહી દીલ ધારો, બાજી કરો બહાદુર મારી બેની,
લલ્લુ લાયક લલના જો બને તો, આર્ય ઉદય નથી દુર મારી બેની.૧૨

સમાપ્ત.

ગુહલી.

" અહો પ્રાણી પુન્ય ઉદય દશા જાગીરે " એદેશી.

आवोबेनीआजआनंदभारीरे, सूरिराजेंद्रसहुसुखकारी; टेक०
भलु भरतपुर परमाणोरे, गुरु जन्म भूमी भवि जाणोरे;
ओशवंशविवेकीवखाणो, आवो बेनीआजआनंदभारीरे सूरि०
माता केशरी कुल अवतारीरे, तात रीषभ जग जयकारीरे;
भ्रातभावेभणुंधीरधारी, आवोबेनीआजआनंदभारीरे सूरि०
प्रीत्ये पुज्य प्रमोद्ध प्रमाणुंरे, विर वाण मल्यु नाण नाणुंरे;
जुगजंगम जरुरीजाणुं,आवोबेनी आजआनंद भारीरे. सूरि०
अब्द ओगणीशें वेद वाणीरे, जाणो वैसाक पंचमी प्राणीरे;
कंथरोहीणीपक्षप्रमाणी, आवोबेनीआजआनंदभारीरे. सूरि०
हेते हेम विजयजीने हाथेरे, लीधी दीक्षा नीरुपम नाथेरे;
हवेसादीविधु शीवशाथे, आवोबेनी आजआनंदभारीरे. सूरि०
सूरि देवेंद्र छे दया निधिरे, वाले दीक्षा वडी ला'वे लीधीरे.
कीधीआतमथी विरविधि, आवोबेनीआजआनंदभारीरे.सूरि०
सशी[१] निधि[९] नयन[२] साहु[५] संगरे, कीधो क्रिया उध्धार उमंगरे;
धन्यधन्यविजयशिष्यशंगे,आवोबेनीआजआनंदभारीरे. सूरि०
सूरि सोहम गणपती रायारे, प्राणी पंचम कालमे पायारे;
गुणवंती मीलीगुणगाया,आवोबेनीआजआनंदभारीरे. सूरि०
विनती सूत वल्पम भालीरे, दिज्यो दरिशन नाथ निहालीरे
लहेललुदीवशदीवाली, आवोबेनीआजआनंदभारीरे. सूरि०

ગુણવંતીને ગાવાની ગરબાવળી ભાગ બીજો તૈયાર થાયછે. કીંમત એક આનો.

☞વાંચવા લાયક પુસ્તકો નીચેના શિરનામેથી મળશે.

મુનિશ્રી ધનવિજયજી મહારાજ વિરચિત

"શ્રી ચતુર્થ સ્તુતિ નિર્ણય શંકોદ્ધાર"

આ પુસ્તકની અંદર મતાંતરોને લીધે જે જે પ્રશ્નોનો વાંધો ચાલેછે, તે તે પ્રશ્નોનું ઘણીજ મહેનતે સિદ્ધાંતની સાખો આપી પૂરી રીતે નિરાકરણ કરેલું છે, તેથી આ ગ્રંથ સમસ્ત ચતુર્વિધ શ્રીસંઘને ઘણોજ વાંચવા લાયક થયો છે, કાગળ ઇંગ્લીશ ઉંચા કપડાનું પાકું પુંઠું ૮૦૦ થી પણ વધારે પૃષ્ઠ અને અઢીશેરથી પણ અધિક વજન છે, તેમ છતાં વેલ્યુપેએબલ બુક પોષ્ટ સાથે કિંમત ફક્ત રૂ. ૩-૦-૦ રાખી છે. માટે લાભ લેવાને કોઇ પણ ચુકશો નહીં.

નવાં પુસ્તકોનો નમુનો.

	રૂ. આ. પા.		રૂ. આ. પા.
અહિણસિંહની વારતા.	૦-૧-૦	સજ્જન છત્રીશી	૦-૦-૬
રાણારાજસિંહની વારતા.	૦-૧-૦	બાળબોધ બત્રીશી	૦-૦-૬
કુબેરસેનાગુણકાની વારતા	૦-૧-૦	બાઇઓના અવગુણ	૦-૦-૬
ગુણવંતી ગરબાવળી.	૦-૧-૦	નઠારી નારી.	૦-૦-૬
કાથવાનુ શીખવાની બુક	૦-૧-૦	પતીવ્રતા નારી.	૦-૦-૬
રંગવિનોદ-ગુરૂના ગુણ	૦-૧-૦	ભોળીના લક્ષણ	૦-૦-૬
હીરાનોહાર	૦-૧-૦	ઉપદેશ ને અનુભવ	૦-૦-૬
મોતીની માળા	૦-૧-૦	નવપદજીની પૂજા	૦-૧-૬
સોનાની સાંકળી.	૦-૧-૬	જ્ઞાનપંચમી દેવવંદન વિધિ	૦-૧-૬

જથાબંધ લેનારને કમીશન ઘણું સારૂ મળશે.

શાહ. લલ્લુ વદ્ધમાન ઘોલેરાવાળા મુ. વિરમગામ.